BRAMPTON Flower City
brampton.ca

media release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રૅમ્પટન 2020ના આગમનને આવકારશે જબરદસ્ત કલાકારો MAGICના સથવારે!

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (03 ડિસેમ્બર 2019) - નવો નકોર દશકો માથે ઊભો છે અને સીટી ઓફ બ્રૅમ્પટન તેને વધાવશે જીવંત મનોરંજનની રોમાંચક હરોળ થકી જેમાં હશે ટીમ હોટ્ર્ન્સ (Tim Hortons) દ્વારા રજૂ થનાર આતશબાજી તેમજ પરિવારને ગમતી પ્રવૃત્તિઓ!

બ્રૅમ્પટનની 2020ના નવ વર્ષની પૂર્વ સંધ્યાની ઉજવણીઓ માટે પ્રમુખ કલાકારો તરીકે JUNOપારિતોષિક વિજેતા બેન્ડ MAGIC! નું નામ જાહેર કરતા સિટીને રોમાંચની લાગણી થાય છે. દર્શકો મંગળવાર, 31 ડિસેમ્બર 2019ના રોજ સાંજે 8 થી મધ્યરાત્રિ સુધી ગાર્ડન સ્ક્વેરમાં નિ:શુલ્ક લાઇવ કન્સર્ટ માણી શકશે.

**જીવંત મનોરંજન**

DJ Fizza ઉજવણીઓનો શુભારંભ સાંજે 8 વાગ્યે KISS 92.5ના હોસ્ટ શેમ (Shem) સાથે મળીને કરશે. પ્રથમ આતશબાજી રાત્રે 9 વાગ્યે આયોજીત કરવામાં આવી છે એવા લોકો માટે જેઓ નુતનવર્ષનું સ્વાગત સાંજે થોડું વહેલું કરવા માંગતા હોય. વિંગ નાઇટ (Wing Night), GTAનાં પ્રિમિયર હિપ-હોપ અને R&B કવર બેન્ડ જેઓ બ્રૅમ્પટનનાં પોતીકા હાર્ટ લેક વિસ્તારમાંથી આવે છે તેઓ સાથે જીવંત મનોરંજન રાત્રે 9:15 વાગ્યે ચાલુ રહેશે, જેઓ 90ના દશકાનાં ક્લાસિક્સ માટે વિખ્યાત છે. કૅનેડાનાં રેગા ફ્યુઝન બેન્ડ અને બ્રૅમ્પટન નુતન વર્ષની પૂર્વ સંધ્યાની હેડલાઇનર MAGIC! રાત્રે 11 વાગ્યા બાદ તરત મંચ સંભાળશે જેના બાદ જનસમૂહને મધ્યરાત્રિની ઉંધી ગણતરી અને દ્વિતિય આતશબાજી તરફ લઈ જશે જે મધ્યરાત્રિએ થશે.

*MAGIC! વિશે*

MAGIC! ટોરોન્ટોમાં ઉદ્ભવેલ લોસ-એન્જલિસમાં સ્થાયી થયેલ ક્વાર્ટેટ છે જેઓએ સોંગ ઑફ દ સમર, "રુડ" ગીત ગાયું હતું – જે એક જબરદસ્ત રેગે પોપ ટ્યૂન પુરવાર થયું જે છ અઠવાડિયા સુધી બિલબોર્ડ હોટ (Billboard Hot) 100 માં નંબર 1 ના સ્થાને રહ્યું હતું જે 41 દેશોમાં ચાર્ટ થયું, દસ મિલિયન સિંગલ્સ વેંચાયા, 500 મિલિયન કરતા વધુ સ્ટ્રિમ્સ ઊભું કરી શક્યા અને જેને VEVO પર 1.3 બિલિયન કરતા વધુ વ્યૂ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત છે. છેલ્લાં પાંચ વર્ષથી MAGIC!એ પોતાને એક પ્રમાણભૂત સેન્સેશન હોવાનું સાબિત કર્યું છે જેનો યશ જાય છે તેમનાં નિ:સંશયપણે આકર્ષક અવાજને. જબરદસ્ત ગીતલેખનને, અને તેઓનાં ઉત્કૃષ્ટ સંગીતકારત્વને. હવે, MAGIC! ફરી તેમનાં નવા આલ્બમ "એક્સપેક્ટેશન્સ"ને બહાર પાડી રહ્યા છે જેમાં "કિસ મી" અને "એક્સપેક્ટેશન્સ" જેવા સ્મેશ હિટ્સ સામેલ છે.

**પરિવાર સાથેની મિત્રતાપૂર્ણ (ફેમિલી ફ્રેન્ડલી) પ્રવૃત્તિઓ**

સિટી હૉલ એટ્રિયમમાં કિડ્સ ડાન્સ પાર્ટી, જાદુના ખેલ, હસ્તકલાં અને ફોટો ઓપ્સના રુપે સિટી હૉલ ખાતે સાંજે 6:30 થી રાત્રે 9 વાગ્યા સુધી ફેમિલી ફ્રેન્ડલી મનોરંજન હાથ ધરાશે. ગેજ પાર્ક ખાતે પરિવારો માણી શકશે સ્કેટિંગ ટ્રેઇલ અને ઝગમગતી હજારો વિન્ટર લાઇટ્સ. પછી પરિવારો ગાર્ડન સ્ક્વેરમાં જઈ શકશે જ્યાં રાત્રે 9 વાગ્યે પહેલી આતશબાજી જોવા મળશે.

**ત્યાં કેવી રીતે પહોંચાશે**

નૂતનવર્ષની પૂર્વ સંધ્યાએ સાંજે 7 વાગ્યાથી સેવા સમાપ્તિ સુધી બ્રૅમ્પટન ટ્રાન્ઝિટમાં મફત પ્રવાસ કરી શકાશે!

ગ્રીન સિટી તરીકે, શક્ય હોય ત્યાં સુધી અમે નિવાસીઓને બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ લેવા પ્રોત્સાહિત કરીએ છીએ.

ટ્રાન્ઝિટના સમયપત્રક અને બંધ થયેલ માર્ગો સહિત પ્રસંગની વધુ જાણકારી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/newyearseve. સોશ્યલ મિડિયા પર આ પ્રસંગ વિશે આપનાં અનુભવો #BramptonNYEનો ઉપયોગ કરી શેર કરશો.

**અવતરણ**

"આ નૂતનવર્ષની પૂર્વ સંધ્યા ગાળવા બ્રૅમ્પટન જેવું કંઇ નહીં! રાતભર લાઈવ એન્ટરટેઈમેન્ટ, ફેમિલી ફ્રેન્ડલી પ્રવૃત્તિઓ અને એક નહીં પણ બે આતશબાજીઓ યોજતા અમે રોમાંચિત છીએ. હું સહુને બ્રૅમ્પટનની ન્યુ યર ઈવ 2020ને આવકારવા આહ્વાહન કરું છું!"

*– મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown)*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પ્ટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca